### અરવલ્લી જિલ્લામાં એસ.ટી. બસ, શટલિયાં વાહનોમાં સામાજીક દૂરીના લીરેલીરા

# મુસાફરોની ભીડ સુપરસ્પ્રેડર બનવાની દહેશત

## સરકારી ગાઈડલાઈનના પાલનમાં મોટી ચૂક ગંભીર પરિણામ લાવશે

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૦

કોરીનાનું સંક્રમણ ફરીથી રોકેટ ગતિએ આગળ વધી રહ્યું છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં નવા પોઝિટિવ ક્સની સંખ્યા ઉત્તરોત્તર વધી રહી છે ત્યારે એસ.ટી. બસ અને શટલિયા વાહનોમાં સામાજીક દૂરીના લીરેલીરા ઉડી રહ્યા છે જેથી મુસાફરોની ભીડ સુપરસ્ટેડર બનવાની દહેશત વ્યક્ત થઈ છે. સરકારી ગાઈડલાઈનના પાલનમાં થઈ રહેલી મોટી ચૂક આગામી સમયમાં ગંભીર પરિણામ લાવી શકે છે.

રાજ્ય સરકારે કોરીનાના કહેરની ગંભીરતા સમજી મોડે મોડે પણ વાયકાન્ટ સમિટ, ફલાવર શો સહિતના સરકારી કાર્યક્રમો રદ કરી સંક્રમણ રોકવા માટે ખાસ ગાઈડલાઈન જારી કરી છે પરંતુ તેનો યોગ્ય રીતે અમલ નહીં થાય તો ત્રીજી લહેર અગાઉની બીજી લહેરની જેમ વધુ ઘાતક સાબિત થઈ શકે છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી કોરીનાના નવા પોઝિટિવ ક્સની સંખ્યામાં ચિંતાજનક વધારો થયો. વહીવટી તંત્ર દ્વારા કેટલાક નિયમો જારી કરવામાં આવ્યા પરંતુ તેનું ક્યાંય પાલન થતું નથી. સાબરકાંઠામાં ૨૮ અને અરવલ્લી જિલ્લામાં ૧૧ નવા પોઝિટિવ કેસ સામે આવતાં આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર દ્વારા કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરી સંતોષ માની લેવાયો છે તો બીજી તરફ એસ.ટી. બસ તેમજ ખાનગી શટલિયાં વાહનોમાં મુસાફરોની સંખ્યા મુદ્દે કોઈ ગાઈડલાઈન જારી ન કરાય હોય તેવી સ્થિતિ જોવા મળતાં માસ્ક પહેર્યા વગરની મુસાફરીની ભીડ આગામી સમયમાં સુપરસ્ટેડર બનવાની દહેશત વ્યક્ત થઈ છે. બંને જિલ્લામાં વર્તમાન કોરીનાની ચિંતાજનક સ્થિતિમાં પણ એસ.ટી. બસમાં ક્ષમતા કરતાં વધુ મુસાફરો તેમજ શટલિયા વાહનોમાં ઘેટાં-બકરાંની જેમ મુસાફરો ભરી દોડી રહ્યાં છે જેના કારણે મુસાફરોની ભીડથી કોરોના વિસ્ફોટ થઈ શકે છે.

### બજારોમાં ઉમટતી ભીડ ઉપર અંકુશ ક્યારે..??

જિલ્લામાં કોરીનાની સ્થિતિ ચિંતાજનક બનવા લાગી છે. જવાબદાર તંત્ર માત્ર જાહેરનામાં બહાર પાડી સંતોષ માની રહ્યું છે. એસ.ટી. બસ તેમજ ખાનગી શટલિયાં વાહનોમાં નિયમોનો ઉલાળીયો થવાની સાથે બજારોમાં પણ ઉમટતી ભીડ ઉપર કોઈનોય અંકુશ ન હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે.




# અરવલ્લી જિલ્લામાં રાસાયણિક ખાતર વિતરણ માટે પુરતો જથ્થો

### નવી ટેકનોલોજીનું નેનો યુરીયાનો ઉપયોગ કરવા અનુરોધ કરાયો

બાયડ તા.૧૦

-અરવલ્લી જિલ્લાના ખેડૂતને ચાલુ રવિ ઋતુ માટે પોતાના પાકની વૃધ્ધિ માટે રાસાયણીક ખાતર ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. હાલ ડીસેમ્બર-૨૦૨૧ તેમજ જાન્યુઆરી-૨૨ મહીનાની ૧૦ તારીખ સુધીમાં જુદી જુદી કંપનીઓ દ્વારા ડી.એ.પી. ૧૩૦૦ મેટ્રીક ટન, એમ.ઓ.પી. ૭૦૦મેટ્રીક ટન, યુરીયા ૧૧૮૨૦મેટ્રીક ટનએમ કુલ ૧૩૮૨૦ મેટ્રિક ટન ખાતરની સપ્લાય કરવામાં આવ્યુ છે. આ સાથે દરરોજ ૧૫૦ થી ૨૫૦ મેટ્રીક ટનની સપ્લાય ચાલુ છે. આથી ખેડૂતોએ ચિંતા કરવી નહી અને જરૂર મુજબ ખાતરની ખરીદી કરવા તેમજ ખાતર વિક્રેતા કરનાર વેપારી/પેઢી/સંસ્થાઓને રાસાયણિક ખાતર વેચાણ દરમ્યાન ફરજીયાત પણે કોવીડ-૧૯ ની ગાઈડલાઈન ધ્યાનમાં રાખી ખેડૂતોને જી મશીન મારફતેજ ખાતરનું વેચાણ કરવા તેમજ ખેડૂતોને જણાવવાનું કે જીલ્લામાં નેનો ટેકનોલોજી નેનો યુરીયાનો ૭૦૦૦ બોટલ નો જથ્થો ઉપલ્બધ છે. જે એક થેલી બરાબર એક બોટલની છંટકાવ કરવાની ભલામણ છે, ખેડૂતોને વિનંતી કે નવી ટેકનોલોજીનું નેનો યુરીયાનો ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવેલ છે.



ખેડૂતોને ખાતર, બિચારણ અને જંતુનાશક દવાની ગુણવતા કે વેચાણ અંગે કોઈ શંકા કે સંશય હોય તો તરત જ નજીકમાં તાલુકા કક્ષાએ ખેતીવાડી અધિકારી તેમજ જિલ્લા કક્ષાએ મદદનીશ ખેતી નિયામક (ગુ.નિ.)/ નાયબ ખેતી નિયામક (વિ.), અરવલ્લી, મોડાસા કચેરીના ટેલીફોન નં. ૦૨૭૭૪ (૨૫૦૧૯૪) ઉપર કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવા નાયબ ખેતી નિયામક (વ ) અરવલ્લી – મોડાસાની એક અખબારી યાદી દ્વારા જણાવાયું છે,

# કોરોનાનું સંક્રમણ બેકાબૂ બનતાં બાળકોનું ઓફલાઈન શિક્ષણ છિનવાયું

### જિલ્લામાં ધો.૧ થી ૯ ના ૩.૫૦ લાખ બાળકોને ફરી ઓન લાઈન શિક્ષણ : ટ્યુશન ક્લાસિસ ચાલુ પરંતુ ઓફલાઈન શિક્ષણ બંધના નિર્ણયથી વાલીઓમાં રોષ





બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૦

રાજ્યમાં કોરોનાનું સંક્રમણ બેકાબૂ બન્યા પછી રાજ્ય સરકારે ધો.૧ થી ૯ નું ઓફ લાઈન શિક્ષણ તા.૩૧ જાન્યુઆરી, ૨૦૨૨ સુધી બંધ રાખવાનો આદેશ કર્યો છે. જેના પગલે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૩,૫૦,૦૫૫ બાળકોને ઓન લાઈન શિક્ષણથી અભ્યાસ કરવી પડશે. રાજકીય અને લગ્નના મેળાવડાના કારણે બાળકોનું શિક્ષણ કાર્ય છિનવાયું છે ત્યારે સરકારે પણ શન ક્લાસિસ ચાલુ પરંતુ ઓફલાઈન શિક્ષણ બંધ રાખવાનો નિર્ણય લેતાં વાલીઓમાં રોષ પ્રવર્તી રહ્યો છે. ફરી રાજ્યનું પ્રાથમિક શિક્ષણ કોરોના સંક્રમણના કારણો ઓન લાઈનમાં ધકલાતાં સતત ત્રીજા વર્ષે માસ પ્રમોશનતો આપવું નહિ પડે ને તેવી આશંકા વાલીઓને સતાવી રહી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સરકાર કે પછી રાજકીય પક્ષોને બેદરકારીના કારણે ગુજરાત ઉપર કોરીનાની ત્રીજી લહેરનું સંકટ હાવી થઈ ગયું છે. સતત કોરીનાના ક્સમાં ઉછાળો આવતાં સરકારે લગ્ન મરણ સહિતના અન્ય પ્રસંગોમાં સીમિત સંખ્યાનું બાંધણું કરવામાં આવ્યું છે. જ્યારે ધોરણ ૧ થી ૯ નું ઓફ લાઈન શિક્ષણ વધતાં કેસના કારણે બંધ રાખવાનો નિર્ણય લઈ ગત શનિવારથી વિદ્યાર્થીઓને ઓન લાઈન શિક્ષણ આપવાની શઆત થઈ છે .માંડ શિક્ષા પાટે ચડ્યું ત્યાં કોરોનાનું સંક્રમણ હાવી થઈ જતાં વિદ્યાર્થીઓનું ભવિષ્ય જ ડામાડોળ થઈ જાય તેવી સ્થિતિ ઉભી થઈ છે. આ માટે શિક્ષિત સમાજ વધુ જવાબદાર છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ધોરણ ૧ થી ૯ માં ઓફ લાઈન શિક્ષણ વર્તમાન મહિનાના અંત સુધી બંધ રાખવાના નિર્ણયથી જિલ્લાની ૧૦ શાળાઓમાં અભ્યાસ કરતા ૩.૫૦ લાખથી વધુ બાળકોને હવે ઘરે બેઠાં ઓન શિક્ષણથી ભણવા સિવાય કોઈ વિલ્પ બચ્યો નથી. જ્યારે ૩૧ જાન્યુઆરી પછી પણ ધોરણ ૧ થી માંફેરી ઓફ લાઈન શિક્ષણ શરુ થશે કે કેમ? તે કહેવું ઉતાવળીયું ગણાશે. કેટલા વિદ્યાર્થીઓને ઓન લાઈન શિક્ષણ? જિલ્લો વિદ્યાર્થી સંખ્યા (ધો.૧થી૮) સાબરકાંઠા ૧,૮૯,૩૩૫ અરવલ્લી ૧,૦,૭૨૦

# અડપોદરા ગામે નાયક સમાજ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

સરડોઈ,તા.૧૦

હિંમતનગર તાલુકાના અડપોદરા ગામે નાયક સમાજ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ નું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું.સમાજ ના સ્વ.અમૃત ભાઈ નાયક ના સ્મરણાર્થે અસાઈત નાયક સમાજ યુવાસંગઠન અને શ્રી નવસંસ્કરણ નાયક વિકાસ મંડળ ના સયુંકત ઉપક્રમે સમાજની ૬ ટીમો એ ભાગ લીધો જેમાં રસાકસી મેચમાં મહારાજા ઈલેવન અને મહાકાલ ઈલેવન ટીમ વચ્ચે યોજાયેલ ફાઈનલ માં મહાકાલ ઈલેવન વિનર અપ થઈ હતી.સમાજની એકતા વધે અને સમાજ સંગઠીત રહે તેવા આશય થી ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવતા નવસંસ્કરણ નાયક વિકાસ મંડળ ના પ્રમુખ ડો.જગદીશ ભાઈ નાયક , ઉપ પ્રમુખ સીતારામ નાયક,અસાઈત નાયક સમાજ યુવા સંગઠન કનવિનર ડો અતુલ ભાઈ નાયક, ડો.અશ્વિન ભાઈ નાયક ,ડો.સોહમ નાયક, વગેરે એ ઉપસ્થિત રહી ખેલાડી ટીમોનો ઉત્સાહ વધાર્યો હતો.ટુર્નામેન્ટ ને સફળ બનાવવા માટે અડપોદરા ગામના સૌ યુવાનો અને વડીલોએ જહેમત ઉઠાવી હતી.આ પ્રસંગે મહાકાલ ઈલેવન ના કેપ્ટન મૌલિક નાયક ,મહારાજા ઈલેવન ના કેપ્ટન ધર્મેશ નાયક સહિત અન્ય ખેલાડીઓ ને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



# ખેડૂતો અને પશુપાલકોને પોષણક્ષમ ભાવ માટે ધરણા

ભિલોડા,તા.૧૦

ખેડૂતોની વર્ષો જુની મુખ્ય માંગણી એક જ હોય છે ખતીની ઉપજના હંમેશા પોષણક્ષમ લાભકારી ભાવ મળે તે સંદર્ભે મુખ્ય આશય સાથે તા. ૮ મી સપ્ટેમ્બરે - ૨૦૨૧ ના રોજ ભારત દેશના ૫૧૩ જીલ્લા મથકો ઉપર ધરણા કરીને ખેડૂતોના વિવિધ સંગઠનો દ્વારા મુખ્ય સમસ્યા સંદર્ભે આવેદન પત્રો મોકલાવ્યા પરંતુ આજ દિન સુધીમાં કોઈ જ પ્રત્યુતર નહિ મળતા તમામ તાલુકા મથક ખાતે ખેડૂતો ધરણા કરીને તા.૧૧,૦૧,૨૦૨૨ ના રોજ આવેદન પત્ર રાષ્ટ્રપતિ, રાજયપાલ ને મોકલી આપવાનો કાર્યક્રમ ખેડૂતો દ્વારા યોજાશે

ભારતીય કિસાન સંઘ,ગુજરાત પ્રદેશ દ્વારા આયોજીત કાર્યક્રમ અન્વયે જણાવ્યું હતુ કે ખેડૂતોને લાભકારી ભાવ માટે રાષ્ટ્ર વ્યાપી ધરણા અને આવેદન પત્ર આપવાનો કાર્યક્રમ યોજાશે તેમ જણાવ્યું હતું.

ભારતીય કિસાન સંઘ,ગુજરાત પ્રદેશ,ભિલોડા તાલુકા પ્રમુખ અમૃતભાઈ પી.પટેલ,મંત્રી લખાભાઈ બાલાભાઈ તરાર સહિત ખેડૂતોએ લેખિત પત્રમાં જણાવ્યું હતું કે જમીન રી-સર્વેમાં થયેલ ભુલો તાત્કાલિક ધોરણે સુધારો અથવા તો રેકર્ડ મુળ સ્થિતિમાં લાવી દેવું,

ખેતી પાકમાં થતા જંગલી જાનવરથી ભેલાણનું વળતર આપવું , મજુરી,ઘાસચારો, પશુ આહાર દાણ, પાપડી ની મોંઘવારી પ્રમાણે દૂધનો ભાવ વધારવો અથવા પ્રતિ લીટરે રાજ્ય સરકાર પ્રોત્સાહન આપે , સમાન સિંચાઈ દર કરવા, જ્યા સિંચાઈ નથી ત્યાં સહકાર આધારિત નવી સિંચાઈ વ્યવસ્થા ઉભી કરવી, કૃષિમાં મીટર પ્રથા નાબુદ કરવી, સ્વૈચ્છિક કરવા,મીટર ઉપરનો ફીક્સ ચાર્જ નાબુદ કરવો,હાલમાં રાસાયણિક ખાતરમાં થયેલ ભાવ વધારો પાછો ખેંચી લેવો, ખાતરની અછત માટે યોગ્ય રીતે ઘટતું કરવું , જીદ્દરૂ યોજનામાં દિવસે મળતો વીજ પુરવઠો હાલમાં બંધ કરેલ હોય ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે સત્વરે દિવસે આપવા શરૂ કરાવવો,જે વિસ્તારોમાં સિંચાઈની સુવિધા નથી ત્યાં તળાવો ઉંડા કરી નર્મદાની પાઈપ લાઈન થી ભરવા,નવા તળાવો બનાવવા, ચેકડેમો નું સમારકામ કરાવી ને સત્વરે ભરવા , પાણી પત્રક સમય સર ઓન લાઈન અપડેટ કરવા જેથી કરીને ટેકાના ભાવથી ખરીદીનો મહતમ્ રીતે ખેડૂતો લાભ મેળવી શકે તેમ જણાવ્યું હતું.

### મૂંગા પશુઓના ઘાસચારાના ભાવ પણ આસમાને.....

# બનાસકાંઠા : ૫ રૂપિયે કિલો મળતો ઘાસચારો હાલ ૧૨ના ભાવે વેચાય છે

### સૂકા ઘાસચારાના ભાવ વધતાં પશુપાલકો ખફા : સતત વધતા જતા ભાવ વધારાને લઈ પશુપાલકોએ હાલત કફોડી થતાં સરકાર પાસે સહાયની માંગ

પાલનપુર,તા. ૧૦

પશું પાલન તેમજ ખેતી ના વ્યવસાય પર નિર્ભય બનાસકાંઠા જિલ્લા માં છેલ્લા ત્રણ વર્ષ થી નહિવત વરસાદ ને લઈ પાણીના તળ ઉડા ગયા છે. બનાસકાંઠામાં ખેડૂતો પાણી વગર પાક વાવવાની વાત તો દૂર પરંતુ ઘાસ ચારાનું વાવેતર પણ ખેડૂતો કરી શકે તેમ નથી જેથી હાલ જે ખેડૂતો પશુપાલકો પશુ રાખી દૂધના વ્યવસાય સાથે સંકળાયેલા છે તેમની હાલત કફોડી બની ગઈ છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી જોશી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, બનાસકાંઠામાં ગત વર્ષે પણ નહિવત વરસાદ ના કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હતા. ત્યારે જિલ્લાના ડેમો તેમજ તળાવો પણ ખાલી જોવા મળી રહ્યા છે. હવે કમોસમી વરસાદ થતાં ખેડૂતો અને પશુપાલકો માટે પડતા પર પાટું જેવો ઘાટ સર્જાયો છે. જોકે પશુઓ ને ખવડાવવા માટે હાલ પશુપાલકો સુકો ઘાસ ચારો લાવી રહ્યા છે .પરંતુ સુકો ઘાસ ચારો ના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. જેમાં એક વર્ષ પહેલાં ૪ થી ૫ રૂપિયે કિલો મળતો ઘાસચારો હવે ૧ કિલોના ૧૦ થી ૧૨ રૂપિયા ભાવે વેચાઈ રહ્યો છે. એટલે કે ઘાસ ચારા ના ભાવ ડબલ થઈ ગયો છે જે ઘાસ ચારા ને લઈ હાલ પશું પાલકો ચિંતા માં મુકાયા છે જેને લઈ જિલ્લા ના ધાનેરા દાંતીવાડા પાલનપુર વડગામ અમીરગઢ સહિત તાલુકાઓ માં કોઈ નહેર જ નથી જેથી પાણી વગર લીલો ઘાસ ચારો પશું પાલકો વાવી શકતા નથી.ત્યારે પશુઓ માટે સુકો ઘાસ ચારો લાવવો પડે છે. પરંતુ હવે સૂકા ઘાસ ચારા ના ભાવ વધતા પશું પાલકો માટે ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ બની રહ્યું છે..ત્યારે પશું પાલકો સરકાર પાસે સહાય ની માંગ કરી રહ્યા છે.



# ૨૮ ગામ મોદી સમાજની ક્રિકેટ ટુર્નામેન્ટમાં જુના ડીસાનો વિજય

### મેન ઓફ ધી મેચ અને સિરીઝનો એવોર્ડ દિલીપ ભાટીયાને ફાળે

ડીસા,તા. ૧૦

૨૮ ગામ મોદી સમાજની બે દિવસીય પ્રીમિયર લિગ ક્રિકેટ ટુર્નામેન્ટનું જુનાડીસા મુકામે ડી.જે. એન. મહેતા હાઈસ્કુલમાં આયોજન કરવામાં આવેલ. જેમાં હિંગળાજ ઈલેવન ધનકપુરા અને જોય રાઈડર્સ ઈલેવન જુનાડીસા વચ્ચે રોમાંચક ફાઈનલ મેચ રમાયેલ.જેમાં જુનાડીસાની ટીમનો ભવ્ય વિજય થયો હતો. ફાઈનલ મેચમાં ઓલરાઉન્ડર દિલીપ જે. ભાટીયાએ સૌથી વધુ રન કરી તેમજ ફિલ્ડિંગ તથા બોલિંગમાં પણ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરતા મેન ઓફ ધ મેચ તરીકે પસંદ થયેલ અને સમગ્ર ટુર્નામેન્ટ સૌથી સારુ પ્રદર્શન પણ દિલીપ જે. ભાટીયાએ કરેલ. જેથી મેન ઓફ ધ સીરીઝનો પુરસ્કાર પણ તેમને આપવામાં આવેલ. મેન ઓફ ધ મેચ તથા મેન ઓફ ધ સિરીઝમાં સાયકલનું ઈનામ રાખવામાં આવેલ. જે બંને સાયકલ દિલીપ જે.ભાટિયાને ફાળે આવેલ. મેન ઓફ ધ સિરીઝ અને મેન ઓફ મેચના સાયકલના દાતા પી.આઈ. સંજય જીવણલાલ ભાટીયા હતા તેમજ ટ્રોફીના દાતા રમેશભાઈ મોદી તથા જમવાના દાતા અરવિંદભાઈ સોમાભાઈ મોદી તેમજ મેચનું આયોજન કરનાર ગોવિંદભાઈ મફતલાલ મોદી, રાજુભાઈ દિયોદર વિગેરે હતા.



### ધૂંનશોલ કોટડા ગામે મોહિલા ઉપર હુમલો

# અજાણ્યા તસ્કરોએ મહિલાને માર મારી દાગીનાની ચોરી કરી ફરાર

ડીસા,તા. ૧૦

બનાસકાંઠા જીલ્લામાં ગુનાખોરીની ઘટનાઓમાં ધરખમ વધારો થઈ રહ્યો છે ત્યારે આજે ડીસા તાલુકામાં આવેલા ધૂનસોલ કોટડા ગામમાં પણ ઘરમાં સૂઈ રહેલી મહિલા પર તસ્કરોએ હુમલો કરી લૂંટ કરી હોવાની ઘટના સામે આવી છે.. આ હુમલામાં ઈજાગ્રસ્ત થયેલી મહિલાને અત્યારે ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

ડીસા તાલુકામાં આવેલા ધૂનસોલ કોટડા ગામમાં ૪૫ વર્ષીય વિધવા મહિલા રાજેશ્વરીબેન મીઠાલાલ શાહ તેમના ૧૬ વર્ષીય અપંગ પુત્ર શૈલેષ સાથે રહે છે.. રવિવારે મોડી રાત્રે રાજેશ્વરીબેન ઘરમાં સૂતા હતા તે દરમ્યાન અચાનક બે અજાણ્યા શખ્સોએ તેમના મકાનમાં પ્રવેશ કરીને મકાનમાં રહેલી તિજોરી ખોલવાનો પ્રયાસ કર્યો... પરંતુ તિજોરી આ તસ્કરોથી ના ખૂલતાં તસ્કરોએ બાજુમાં રુમમાં સૂઈ રહેલા રાજેશ્વરીબેન પાસે જઈને તેમનું મોઢું દબાવીને માથા અને હાથના ભાગે લોખંડના આંકડાનો પ્રહાર કરીને તેમના ગળામાં રહેલી બે તોલા સોનાની ચેન, બે ગ્રામની બુટ્ટી, ૬ તોલાની સોનાની બંગડી, એક તોલાની બે વીંટી અને દશ હજારની રોકડ રકમ લઈને ભાગી ગયા હતા.. આ ઘટના બનતા ઘરમાં સૂઈ રહેલા રાજેશ્વરીબેન શાહે બૂમાબૂમ કરતાં તેમના પરિવારના અન્ય સભ્યો આસપાસમાથી દોડી આવ્યા હતા અને આ અંગે વહેલી સવારના ડીસા તાલુકા પોલીસને જાણ કરતાં પોલીસે ઘટનાસ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી જ્યારે ઈજાગ્રસ્ત થયેલા રાજેશ્વરીબેન શાહને સારવાર માટે ડીસાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.. જ્યાં સારવાર આપવામાં આવી રહી છે.

આ બાબતે ઝેરડા ગામના ગણેશમલ શાહ એ જણાવ્યું હતું કે એકલવાયું જીવન જીવતા આ બહેન પોતાના પુત્ર સાથે રહે છે ગતરોજ રાત્રીના સુમારે કોઈ બે અજાણ્યા સક્સ તેમના ઘરમાં પ્રવેશ કરી તેમની પાસે રાખેલા દાગીના ચોરી કરી રાજેશ્વરીબહેન ને માર મારી ગભીર ઈજાઓ કરેલી છે તેમને સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવેલ છે જોકે બનાવ ના પગલે પોલીસે અજાણ્યા શખ્સોની શોધખોળ હાથ ધરી છે.. અને આ ઘટનાનો ભોગ બનનાર રાજેશ્વરીબેન શાહનું નિવેદન લઈને આગળની તજવીજ હાથ ધરી છે.



## જન્મદિને વધામણી



કમલેશ આર. વાળંદ
આક્રૂંદ તા.ધનસુરા



ભાવેશ પ્રેમજીભાઈ પટેલ
ગાંધીનગર



ધીરેનસિંહ વિનયસિહ રહેવર
વાંટડા તા.મોડાસા

## ટચુકડી જાહેર ખબર

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન